# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20-04-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

*****************************************************

1) જમ્મુ-કાશ્મીરના રામબનમાં આભ ફાટ્યા બાદ અનેક સ્થળે થયેલા ભૂસ્ખલનને કારણે ત્રણનાં મોત

2) પશ્ચિમ બંગાળનાં રાજ્યપાલ મુર્શિદાબાદની વર્તમાન સ્થિતિ અંગે કેન્દ્ર સરકારને અહેવાલ સુપરત કરશે.

3) અમેરિકાના ઉપ-રાષ્ટ્રપ્રમુખ જેમ્સ ડેવિડ વેન્સ આવતીકાલે ભારતની ચાર દિવસના સત્તાવાર પ્રવાસે નવી દિલ્હી પહોંચશે.

4) કેન્દ્રીય નાણામંત્રી નિર્મળા સીતારમણનાં અમેરિકા અને પેરુ પ્રવાસનો આજથી પ્રારંભ

5) I.P.L. ક્રિકેટમાં આજે બપોરે પંજાબ કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ વચ્ચે ચંદીગઢમાં મુકાબલો.

.........................................................................

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# JK LANDSLIDE

જમ્મુ-કાશ્મીરના રામબન જિલ્લામાં કરાનું તોફાન અને અનેક જગ્યાએ ભૂસ્ખલનની ઘટનાઓમાં ત્રણ લોકોના મોત નીપજ્યા છે. જ્યારે 40 જેટલા રહેણાક મકાનોને નુકસાન પહોંચ્યું છે. ધરમકુંડ ગામમાં અચાનક આવેલા પૂરના કારણે અંદાજે 40 મકાનને નુકસાન થયું છે. દરમિયાન 100થી વધુ લોકોને સલામત રીતે બચાવી લેવાયા છે.

સતત વરસાદના કારણે જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ પર નાશરી અને બનિહાલ વચ્ચે અંદાજે એક ડઝન જેટલા સ્થળ પર ભૂસ્ખલન અને માટી ધસી જવાની ઘટના બની છે. તેના કારણે વાહન વ્યવહાર ખોરવાઈ ગયો છે.

કેન્દ્રીય રાજ્યમંત્રી ડૉ. જિતેન્દ્ર સિંઘે જણાવ્યું કે, તેઓ જિલ્લાના નાયબ કમિશનર સાથે સતત સંપર્કમાં છે. ટ્રાફિક પોલીસે લોકોને વાતાવરણ સામાન્ય ન થાય અને રસ્તાઓ ન ખૂલે ત્યાં સુધી ઘરની બહાર ન નીકળવા અપીલ કરી છે. હાલમાં રસ્તાઓ પર હજી પણ કાટમાળ દૂર કરવાનું કામ ચાલી રહ્યું છે. બીજી તરફ, ખરાબ વાતાવરણના કારણે શ્રીનગર-સોનમર્ગ, ગુમરી માર્ગ, ઐતિહાસિક મુગલ માર્ગ અને સિન્થન ટૉપ માર્ગ પણ બંધ કરી દેવાયા છે.

. . . . . . . . . . . . . . . .

# WEATHER

જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ-બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદના મોટા ભાગના વિસ્તારમાં આવતીકાલ સુધીમાં સામાન્ય વરસાદની આગાહી છે. ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં પણ આવતીકાલે ઝડપી પવનની સાથે મધ્યમ વરસાદ થઈ શકે છે. જ્યારે અરૂણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં આગામી પાંચ દિવસ દરમિયાન ભારે વરસાદનું અનુમાન છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ, વિદર્ભમાં આગામી ત્રણ દિવસ લૂ લાગવાની શક્યતા છે. તો આજે મધ્ય મહારાષ્ટ્ર અને બુધવાર સુધી ગુજરાતમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહી શકે છે.

. . . . . . . . . . . . . . . .

# MANDAVIYA RAJKOT

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજે પોરબંદર લોકસભા વિસ્તારના પ્રવાસે છે. આજે સવારે તેમણે રાજકોટના ભાયાવદર ખાતે સન્ડે ઑન સાઈકલીંગ કાર્યક્રમ અંતર્ગત સાઈકલ ચલાવી. ત્યારબાદ શ્રી માંડવિયાએ સાઈકલસવારો સાથે સંવાદ કર્યો હતો.

શ્રી માંડવિયાએ આજે રાજકોટના ઉપલેટા અને ધોરાજી ખાતે નિર્માણ પામનારા નવા બસ મથક અને ઉપલેટા મહેસુલી સેવા સદનનું પણ ખાતમુહૂર્ત કર્યું.

. . . . . . . . . . . . . . . .

# WB GOVERNOR REPORT

પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સી. વી. આનંદ બોઝ મુર્શિદાબાદમાં કોમી હિંસાને પગલે પાયાના સ્તરની પરિસ્થિતિઓ પર તેમના તારણો પર કેન્દ્ર સરકારને અહેવાલ સુપરત કરશે. મુર્શિદાબાદ જિલ્લાના અશાંત વિસ્તારોનો પ્રવાસ પૂર્ણ કર્યા બાદ પત્રકારો સાથે વાત કરતા રાજ્યપાલે કહ્યું, તેઓ આ ઘટનાને મુખ્યમંત્રી મમતા બેનરજી સમક્ષ ઉઠાવશે.

દરમિયાન, પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજીએ વક્ફ સુધારા અધિનિયમના વિરોધમાં હાલમાં થયેલી રાજકીય હિંસા અને અફવાઓ વચ્ચે રાજ્યના લોકોને શાંતિ જાળવી રાખવા અપીલ કરી છે. સુશ્રી બેનરજીએ એક નિવેદનમાં ભાજપ અને તેમના સહયોગીઓ પર પશ્ચિમ બંગાળમાં ગંભીર આક્ષેપ લગાવ્યા હતા.

રાજ્ય સરકાર દ્વારા ઉઠાવવામાં આવેલા વહીવટી પગલાંઓનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીએ ચેતવણી આપી કે, જે પણ દોષી સાબિત થશે તેમને છોડવામાં નહીં આવે.

. . . . . . . . . . . . . . . .

# EASTER PREZ VP PM

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઈસ્ટર પ્રસંગે દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી

છે. સુશ્રી મુર્મૂએ પોતાના સંદેશમાં કહ્યું, ઈસામસીહનું જીવન સત્ય, ન્યાય અને કરુણાના માર્ગ પર ચાલવા લોકોને પ્રેરણા આપે છે. તેમણે લોકોને ઈસામસીહના ત્યાગ અને પ્રેમના સંદેશને જીવનમાં આત્મસાત કરવાની પણ અપીલ કરી હતી.

શ્રી ધનખડે કહ્યું, ઈસ્ટરનો તહેવાર નવી આશા અને નવી શરૂઆતનું પ્રતિક છે. તેમણે કહ્યું, ઈસામસીહની કરુણા, ક્ષમા અને સેવાનો સંદેશ સુમેળભર્યા સમાજના નિર્માણનો માર્ગ મોકળો કરે છે.

શ્રી મોદીએ કહ્યું, ઈસ્ટરનો તહેવાર નવી આશા અને નવી શરૂઆતની ભાવનાનું પ્રતિક છે. તેમણે કહ્યું, ઈસામસીહનો સંદેશ માનવતાને પ્રેમ અને ત્યાગના માર્ગ પર ચાલવા માટે પ્રેરણા આપે છે.

. . . . . . . . . . . . . . . .

# PM SAUDI VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 22 એપ્રિલે જેદ્દાહ પહોંચશે. ચાર દાયકામાં કોઈ ભારતીય પ્રધાનમંત્રીનો આ પહેલો પ્રવાસ હશે. આ પ્રવાસ ભારત અને સાઉદી અરબના સંબંધોમાં આવેલા નોંધપાત્ર પરિવર્તનને દર્શાવે છે. આ પ્રવાસ ઘણો જ મહત્વનો છે. કારણ કે, આ પહેલાના ભારતીય પ્રધાનમંત્રીઓનો પ્રવાસ રિયાધ સુધી જ મર્યાદિત હતો. વર્ષ 1982માં જેદ્દાહનો પ્રવાસ કરનારાં છેલ્લાં ભારતીય પ્રધાનમંત્રી ઇન્દિરા ગાંધી હતાં. સાંભળીએ આ અંગે એક અહેવાલ.

## (વોઈસકાસ્ટઃ વિનોદ કુમાર)

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# DAY VANCE INDIA VISIT

**અમેરિકાના ઉપ-રાષ્ટ્રપ્રમુખ જેમ્સ ડેવિડ વેંન્સ આવતીકાલે ભારતના ચાર દિવસના સત્તાવાર પ્રવાસે નવી દિલ્હી પહોંચશે. તેમની સાથે તેમનાં ધર્મપત્ની ઉષા વેંન્સ અને અમેરિકાના અનેક વરિષ્ઠ અધિકારીઓ પણ હશે. શ્રી વેંન્સનો આ પહેલો ભારત પ્રવાસ છે. તેઓ આવતીકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે પણ મુલાકાત કરશે.**

**ઉપ-રાષ્ટ્રપ્રમુખ અને તેમનું પ્રતિનિધિમંડળના દિલ્હીમાં અન્ય ઘણા કાર્યક્રમ પણ છે. તેમજ અમેરિકા પરત જતા પહેલા તેઓ જયપુર અને આગરા પણ જશે.**

વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, આ પ્રવાસ બંને દેશના દ્વિપક્ષીય સંબંધમાં વિકાસની સમીક્ષા કરવાની તક પૂરી પાડશે. પ્રવાસ દરમિયાન આ વર્ષે 13 ફેબ્રુઆરીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના અમેરિકા પ્રવાસ દરમિયાન જાહેર ભારત-અમેરિકા સંયુક્ત નિવેદનના અમલીકરણની પણ સમીક્ષા કરાશે.

. . . . . . . . . . . . . . . .

# FM PERU VISIT

કેન્દ્રીય નાણામંત્રી નિર્મળા સીતારમણનાં અમેરિકા અને પેરુ પ્રવાસનો આજથી પ્રારંભ થઈ રહ્યો છે. તેઓ અમેરિકાના સૅન ફ્રાન્સિસ્કોમાં બે દિવસ રોકાશે અને સ્ટૅનફર્ડ વિશ્વ-વિદ્યાલયના હૂવર ઇન્સ્ટિટ્યૂશનમાં સંબોધન કરશે.

સુશ્રી સીતારમણ નાણા વ્યવસ્થાપન તેમજ માહિતી અને ટૅક્નોલૉજી સંબંધિત કેટલીક મુખ્ય કંપનીઓના મુખ્ય કાર્યકારી અધિકારીઓ-C.E.O. સાથે મુલાકાત કરશે. નાણામંત્રી ભારતીય મુળના લોકોના એક કાર્યક્રમમાં પણ ઉપસ્થિત રહેશે.

સુશ્રી સીતારમણ વૉશિંગ્ટનમાં 22 ઍપ્રિલે આંતર-રાષ્ટ્રીય નાણા ભંડોળ અને વિશ્વ બૅન્કની બેઠકોમાં ઉપસ્થિત રહેશે. તેઓ જી-20 દેશોના નાણામંત્રીઓની બીજી બેઠક, કેન્દ્રીય બૅન્કોના ગવર્નરની બેઠક, વિકાસ સમિતિના સંપૂર્ણ સત્ર અને વૈશ્વિક સાર્વભૌમ ગ્લૉબલ સૉવરન ઋણ ગોળમેજી સંમેલનમાં પણ ઉપસ્થિત રહેશે.

સુશ્રી સીતારમણ 26 ઍપ્રિલે પહેલી વાર પેરુનાં પ્રવાસે પહોંચશે. તેમની સાથે નાણા મંત્રાલયના અધિકારીઓ અને કારોબારીઓનું એક

વિશિષ્ટ મંડળ પણ છે. આ ભારત અને પેરુ વચ્ચે વધતા આર્થિક અને વ્યાપારી સંબંધોને દર્શાવે છે.

. . . . . . . . . . . . . . . .

## BJP AWARENESS-NEW WAQF LAW

ભારતીય જનતા પાર્ટી આજથી આગામી પાંચમી સુધી દેશભરમાં વક્ફ સુધારા અધિનિયમ અંગે જાગૃતિ ફેલાવવા રાષ્ટ્રવ્યાપી ઝૂંબેશ શરૂ કરી રહ્યું છે. ભાજપના મહાસચિવ રાધામોહન દાસ અગ્રવાલ અને લઘુમતી પાંખના પ્રમુખ જમાલ સિદ્દીકી પાંચ મે સુધી ચાલનારી ઝૂંબેશનું નેતૃત્વ કરશે. અગાઉ વક્ફ વિધેયકને લઈને દેશભરના ભાજપના પદાધિકારીઓની ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડાના નિવાસસ્થાને 10 એપ્રિલે બેઠક યોજાઈ હતી. ત્યારે તેમણે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકાર વક્ફના સંચાલન અને કલ્યાણ કાર્યક્રમોમાં મુસ્લિમો અને મહિલાઓને તેની મિલકતોના પારદર્શક અને કાર્યક્ષમ સંચાલન સાથે હિસ્સેદાર બનાવવા માટે કટિબદ્ધ છે.

. . . . . . . . . . . . . . . .

## IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ- I.P.L. ટી-20 ક્રિકેટમાં આજે બે મૅચ રમાશે. આજે બપોરે 3.30 વાગ્યે પંજાબ કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ વચ્ચે

ચંદીગઢમાં મુકાબલો થશે. પંજાબ કિંગ્સ 10 પૉઈન્ટ સાથે ત્રીજા સ્થાન પર છે. જ્યારે બેંગ્લોરની ટીમ આઠ પૉઈન્ટ સાથે પૉઈન્ટ ટેબલમાં પાંચમા સ્થાને છે. અન્ય એક મૅચમાં, આજે સાંજે 7.30 વાગ્યે મુંબઈમાં મુંબઈ ઇન્ડિયન્સ અને ચેન્નઈ સુપર કિંગ્સ વચ્ચે મુકાબલો થશે.

સાત મૅચમાંથી બે જીત સાથે ચેન્નઈની ટીમ પૉઈન્ટ ટૅબલમાં સૌથી છેલ્લા સ્થાને છે. ચેન્નઈએ ટૂર્નામેન્ટમાં ટકી રહેવા પોતાની બચેલી સાત મૅચમાંથી ઓછામાં ઓછી છ જીતવી પડશે. જ્યારે મુંબઈની ટીમ પણ સારી સ્થિતિમાં નથી. મુંબઈએ અત્યાર સુધી માત્ર ત્રણ મૅચ જીતી છે.

. . . . . . . . . . . . . . . .